# સામાજિક વિજ્ઞાન

**ધોરણ 7 ( Semester 2 )**

**Chapter 2 : ભારત : આબોહવા અને કુદરતી સંસાધનો**

**પ્રશ્ન 1 : નીચે આપેલા દરેક પ્રશ્નના જવાબ માટે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધી, તેનો ક્રમ-અક્ષર પ્રશ્નની સામે આપેલા ચોરસ લખો : [10 Mark]**

1 ભારતમાં કયા પવનોને લીધે વરસાદ પડે છે ?
[A] પશ્ચિમિયા [B] વ્યાપારી
[C] મોસમી [D] નૈઋત્ય

2 પુલિકટ સરોવર કયા રાજ્યમાં આવેલું છે ?
[A] રાજસ્થાન [B] તમિલનાડુ
[C] ઉડીસા [D] આંધ્રપ્રદેશ

3 ભાખડા-નંગલ યોજના કઈ નદી પર આવેલી છે ?
[A] ચિનાબ [B] સતલુજ
[C] રાવી [D] ઝેલમ

4 ભારતનું રાષ્ટ્રીય પક્ષી કયું છે ?
[A] પોપટ [B] હંસ
[C] મોર [D] ગરુડ

5 ભારતનું રાષ્ટ્રીય પ્રાણી કયું ?
[A] સિંહ [B] ચિત્તો
[C] હાથી [D] વાઘ

6 કયા વૃક્ષના લાકડામાંથી કાથો બનાવવામાં આવે છે ?
[A] તાડ [B] વાંસ
[C] ખેર [D] ચીડ

7 વીજળીના તાર બનાવવા માટે કયું ખનીજ વપરાય છે ?
[A] અબરખ [B] બૉક્સાઈટ
[C] તાંબું [D] મેંગેનીઝ

8 કાન્હા રાષ્ટ્રીય ઉદ્યાન કયા રાજ્યમાં આવેલો છે ?
[A] કર્ણાટક [B] મધ્ય પ્રદેશ
[C] અસમ [D] રાજસ્થાન

9 છાપકામની શાહી બનાવવા માટે શેનો ઉપયોગ થાય છે ?
[A] લાખનો [B] ચીડનો
[C] સુંદરી વૃક્ષનો [D] વાંસનો

10 ઉત્તર ભારતની નદી કઈ છે ?
[A] કાવેરી [B] બ્રહ્મપુત્રા
[C] કૃષ્ણા [D] મહાનદી

bharatlimbdi@gmail.com

પ્રશ્ન 2 : બંધબેસતાં જોડકાં રચો : [ 5 Mark ]

| વિભાગ 'અ' | વિભાગ 'બ' | |
|---|---|---|
| ( 1 ) દલ અને વુલર સરોવર ( મીઠું પાણી ) | ( A ) ગુજરાત | |
| ( 2 ) કોલાર સરોવર ( મીઠું પાણી ) | ( B ) રાજસ્થાન | |
| ( 3 ) ચિલ્કા સરોવર ( ખારું પાણી ) | ( C ) આંધ્ર પ્રદેશ | |
| ( 4 ) સાંભર સરોવર ( ખારું પાણી ) | ( D ) ઓરિસ્સા | |
| ( 5 ) નળ સરોવર ( અંશત : ખારું પાણી ) | ( E ) કશ્મીર | |

પ્રશ્ન 3 : યોગ્ય શબ્દો કે અંકો વડે નીચેનાં વિધાનોની ખાલી જગ્યાઓ પૂરો : [ 5 Mark ]

1 ભારત...................................... થી.......................................... ઉત્તર અક્ષાંક્ષવૃતો વચ્ચે આવેલો છે.

2 ભારતમાં કુલ ..................... અભયારણ્યો અને .......................... રાષ્ટ્રીય ઉદ્યાનો આવેલાં છે.

3 ભારતમાં કસ્તૂરી મૃગ જમ્મુ-કશ્મીરના .................................... રાષ્ટ્રીય ઉદ્યાનમાં જોવા મળે છે.

4 પૃથ્વીની સપાટી પર માનવીને પીવાલાયક મીઠું પાણી ...................... ટકા કરતાં પણ ઓછું છે.

5 ગંગા નદીએ તેના મુખ પાસે ફળદ્રુપ ........................... ની રચના કરી છે.

પ્રશ્ન 4 : નીચેનાં વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો : [ 5 Mark ]

1 ભારતની મધ્યમાંથી મકરવૃત્ત પસાર થાય છે.

2 વિશ્વમાં માત્ર ભારત દેશમાં જ સિંહ અને વાઘ બંને જોવા મળે છે.

3 ખેરના વૃક્ષના લાકડામાંથી ટર્પેન્ટાઈન મળે છે.

4 અબરખનો ઉપયોગ કેરોસીનના શુધ્ધીકરણમાં અને સિમેન્ટની બનાવટમાં થાય છે.

5 ખરાઉ જંગલોનાં વૃક્ષોનાં પાંદડાં પાનખર ઋતુમાં ખરી પડે છે.

bharatlimbdi@gmail.com